**ભાસ્કર ખાસ** પાલનપુર સબ જેલનું 95.83 ટકા પરિણામ, 24માંથી 23 પાસ થયા, ફક્ત એક નાપાસ

# સબ જેલના 23 કેદી ફૂડ એન્ડ ન્યુટ્રિશનની પરીક્ષામાં પાસ

ભાસ્કર ન્યૂઝ | પાલનપુર

પાલનપુર સબ જેલમાં સજા કાપી રહેલ 24 કેદીઓમાંથી 23 કેદીઓએ ફૂડ એન્ડ ન્યુટ્રિશનની પરીક્ષા પાસ કરતા 95.83 ટકા પરિણામ નોંધાયું હતું.

પાલનપુરની જિલ્લા જેલના ઈન્ચાર્જ જેલર પંકજભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા વર્ષ 2025-26 અંતર્ગત ચલાવાતા ફૂડ એન્ડ ન્યુટ્રિશન કોર્સમાં પાલનપુર જિલ્લા જેલમાં સજા કાપી રહેલ કાચા કામના કેદીઓએ ઉત્સાહજનક પ્રદર્શન કર્યું હતું. કુલ 24 કેદીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી 23 કેદીઓ પાસ થયા હતા. જ્યારે માત્ર એક જ નાપાસ થયો હતો. આ સાથે જ જેલનું કુલ પરિણામ 95.83 ટકા નોંધાયું હતું. જેલમાં શિક્ષણ દ્વારા સુધાર અને સકારાત્મક પરિવર્તન લાવવાના પ્રયાસો કરાઈ રહ્યા છે, જે સમાજ માટે પ્રેરણારૂપ ઉદાહરણ પુરું પાડે છે.

પાલનપુરની સબ જેલમાં છેલ્લા 15 મહિનાથી હત્યાના ગુનામાં સજા કાપી રહેલ પાલનપુર તાલુકાના ઢેલાણા ગામના મહેશકુમાર નરસંગજી મકવાણાના માતા પિતાનું અગાઉ મોત નિપજ્યું હતું.જ્યારે બહેન પરણીને સાસરે ગઈ છે.તથા ભાઈનું પણ મોત નિપજ્યું હતું. તેવા સમયમાં કાકાનું પણ મોત નિપજતાં મહેશકુમાર કાકી જોડે રહેતા હતા. કુટુંબમાં દાદા-દાદી, માતા-પિતા, ભાઈ-કાકાનું મોત નિપજ્યું હતું. તેઓ હત્યાના કેસમાં સજા કાપી રહ્યા છે. જેલમાં રહીને ફૂડ એન્ડ ન્યુટ્રિશનમાં સર્ટિફિકેટ કોર્સની પરીક્ષા આપી હતી.અને પરીક્ષા પાસ કરી હતી.

જ્યારે અમદાવાદના વતની અને પાલનપુરની સબ જેલમાં કાચા કામના કેદી તરીકે સજા કાપી રહેલ 47 વર્ષીય દિવ્યેશભાઈ ઈશ્વરભાઈ પટેલે ધોરણ-9 પાસ કર્યું હતું. જે બાદ જેલમાંથી બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.માંથી ફૂડ એન્ડ ન્યુટ્રિશનમાં સર્ટિફિકેટ કોર્સની પરીક્ષા આપી અને તે પાસ કરી હતી.

## આ કોર્સ પછી આ જગ્યાએ જોબની શક્યતા

એક્સપર્ટ બાબુભાઈ ચૌધરીએ જણાવ્યું કે, ફૂડ એન્ડ ન્યુટ્રિશનમાં સર્ટિફિકેટ કોર્સ પૂર્ણ કર્યા પછી હોસ્પિટલ અને ક્લિનિક્માં આહાર સહાયક તરીકે નોકરી મળી શકે, જ્યાં દર્દીઓના ખોરાકનું મેનેજમેન્ટ કરવાનું હોય છે.શાળાઓ અને આંગણવાડીમાં મધ્યાહન ભોજન યોજનામાં ન્યુટ્રિશનિસ્ટ અથવા સુપરવાઈઝર તરીકે નોકરી કરી શકાય, જીમ અને ફિટનેસ સેન્ટરમાં લોકોને તેમના ફિટનેસ ગોલ મુજબ કયો આહાર લેવો તેની સલાહ આપી શકો છો. ફૂડ ઈન્ડસ્ટ્રીમાં ખાદ્ય પદાર્થો બનાવતી કંપનીઓમાં ક્વોલિટી કંટ્રોલ અથવા ફૂડ સેફ્ટી આસિસ્ટન્ટ તરીકે કામ કરી શકો છો. કુપોષણ નિવારણ માટે કામ કરતી સંસ્થાઓમાં ફિલ્ડ વર્કર કે પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર બની શકાય છે.

## ઓછું ભણેલા લોકો માટે આ કોર્સ ફાયદાકારક

જેલના કેદીઓ માટે ફૂડ એન્ડ ન્યુટ્રિશન સર્ટિફિકેટ કોર્સ મહત્વનો છે. જેલમાંથી મુક્ત થયા બાદ હોસ્પિટાલિટી, હોટલ, રેસ્ટોરન્ટ અને કેટરિંગ ક્ષેત્રમાં રોજગારીની તકો વધે છે, જેથી તેઓ સ્વનિર્ભર બની શકે છે. જેલમાં રસોડાનું સંચાલન કરતા કેદીઓ આ કોર્સથી વધુ પૌષ્ટિક અને ગુણવત્તાવાળો ખોરાક તૈયાર કરી શકે છે. ટૂંકા ગાળાનો અને સરળ હોવાને કારણે ઓછું ભણેલા લોકો માટે પણ અનુકૂળ છે. આ કોર્સ કૌશલ્ય વિકાસ સાથે સામાજિક પુનઃસ્થાપન અને સર્જનાત્મક પ્રવૃત્તિ દ્વારા આત્મવિશ્વાસ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.